## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




રસોઈ...? તેની તો તમારે જરાય ચિંતા કરવી નહી પડે, બેબીને ઓનલાઈન ફુડ ઓર્ડર કરતા નાનપણથી જ શીખવી દીધું છે....

## વાત-વાતમાં.....

- સેક્ટર-૬માં યોજાયેલી એલજીબીટી સમુદાયની ગાંધીનગર પ્રાઈડ પરેડની સમાંતર સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસી આંદોલન અને માલધારી આદિવાસી આંદોલન વગેરેમાં પણ ભીડ ઉમટી હોવાથી આ વિસ્તારમાં ભારે ચહલપહલ અને ટ્રાફિકની ગીચતા જોવા મળી હતી. આ સમયે પરંપરાગત પોશાક અને તીરકામઠાં સાથે એકઠાં થયેલા આદિવાસીઓ તથા ચિત્ર-વિચિત્ર રંગબેરંગી પોશાકમાં એલજીબીટી સમુદાય બંનેએ કૌતુક જમાવ્યું હતુ.
- એલજીબીટી સમુદાયની પ્રાઈડ પરેડમાં એક મોટી ઉંમરની વિદેશી મહિલાની હાજરી પણ જોવા મળી હતી. જો કે આ મહિલા કોઈની સાથે વધુ વાતચીત નહોતી કરતી તેથી તે ક્યાંથી આવી હતી અને કઈ રીતે આ પરેડ સાથે જોડાઈ હતી તે જાણવા મળી શક્યુ નહોતું.
- શહેરમાં શનિ-રવિ દરમ્યાન લગ્ન સમારંભોના ભરપૂર આયોજનો થવા પામ્યાં હતા. આ કારણે સાંજના સમયે શહેરને જોડતા માર્ગો ખાસ કરીને એસજી હાઈવે તથા એરપોર્ટ રોડ પર ભરપૂર ટ્રાફિક સાથે ટ્રાફિક જામના દૃશ્યો પણ સર્જાયા હતા.

# શહેરમાં સમલૈંગિકોએ યોજી ‘ગાંધીનગર પ્રાઈડ પરેડ’

### અજીબોગરીબ ટેટુઝ અને રંગબેરંગી વેશભૂષા સાથેની પરેડને જોઈ નાગરિકો અચંબિત : ગાંધીનગરની વિવિધ યુનિવર્સિટીના સમલૈંગિકો જોડાયા : પરેડ દરમિયાન એચઆઈવી અંગે જાગૃતિ પ્રસરાવવા પ્રયાસ કરાયો

ગાંધીનગર, તા.૯ પાટનગરમાં આજે ‘ગાંધીનગર પ્રાઈડ પરેડ’ યોજાઈ હતી જેને નિહાળીને નાગરિકો બે ઘડી અચંબામાં પડી જતા જોવામાં આવ્યા હતા. ગાંધીનગર પ્રાઈડ પરેડ સમલૈંગિક વ્યકિતઓ જેને કાયદા દ્વારા હવે ત્રીજા જેન્ડર તરીકે સ્વીકારવામાં આવે છે તેમના દ્વારા યોજવામાં આવી હતી જેમાં મોટે ભાગે ગાંધીનગર-અમદાવાદ ઉપરાંત રાજયભરના સજાતીય સંબંધો ધરાવતા યુવાનો મોટી સંખ્યામાં સામેલ થયા હતા. આ પરેડ બપોરે ૩ વાગે સે-૬ના મેદાનમાંથી નીકળી શહેરના માર્ગો પર ફરી પરત ફરી હતી.

‘સમલૈંગિકતા એ બિમારી નથી પરંતુ સમલૈંગિક વ્યકિતઓ સાથે ભેદભાવ રાખી તેમની ઘૃણા કરવી તે બિમારી છે’ તેવા સંદેશ સાથે ગાંધીનગર પ્રાઈડ ટીમના નેજા હેઠળ એકત્ર થયેલા એલજીબીટી કોમ્યુનિટીના સમલૈંગિકો દ્વારા રંગારંગ પરેડ અને વિવિધ પરફોર્મન્સ દ્વારા સમાજને સંદેશ પાઠવવા પ્રયાસ કરાયો હતો કે તેમની સમલૈંગિકતા એ સામાન્ય બાબત છે જેને સમાજે સ્વીકારવી રહી અને સમલૈંગિકોએ હવે પોતાની ઓળખ છુપાવવાની જરૂર નથી. બલ્કે ગર્વ સાથે પોતાની વાત પ્રસ્તુત કરવા હિંમત કેળવવાની છે. ગાંધીનગર પ્રાઈડ પરેડના આયોજક પ્રાઈડ ગ્રુપના રાહુલ ઉપાધ્યાય જેઓ આઈઆઈટી ગાંધીનગર ખાતે કાર્યરત છે તેમણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનાઓથી આ પરેડ માટે સોશ્યલ મિડીયા પર ગ્રુપ બનાવી આયોજન કરવામાં આવતું હતું. આ પરેડ એલજીબીટી સમુદાય માટે ઉજવણી અને સ્વતંત્રતાનું પ્રતિક માનવામાં આવે છે તેથી આ પરેડ અમારા માટે ગૌરવ પરેડ છે. આ પરેડ દરમિયાન એચઆઈવી જાગૃતિ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર પ્રાઈડ પરેડને કર્ણાવતી યુનિવર્સિટીની, યુનાઈટેડ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈનથી માંડીને શહેરના અનેક યુનિવર્સિટીના યુવા વિદ્યાર્થીઓનો સકારાત્મક સપોર્ટ પ્રાપ્ત થયો હતો.




# શહેરના નાગરિક સાથે નોકરી અપાવવાના બહાને રૂ. પર હજારની છેંતરપિંડી

ગાંધીનગર, તા.૯ ન્યું ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં રહેતા એક નાગરીકને વિદેશમાં નોકરી અપાવવા માટે રૂ.૫૨,૯૦૦ની ઠગાઈ થઈ છે. બે ભેજાબાજે ચેરવોન કંપનીમાં નોકરી અપાવવાના બહાને શહેરના નાગરીકને વિશ્વાસમાં લઈ વર્ક પરમીટ અને ફી પેટે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના દિલ્હી બ્રાંચના એકાઉન્ટમાં રૂ.૫૨,૯૦૦ જમા કરાવ્યા હતા. નોકરી કે રૂપીયા પરત ન મળતા આખરે કંટાળેલા ગાંધીનગરના નાગરીકે પોલીસમાં બે શખ્સો સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી છે.

રાંદેસણ વિસ્તારમાં પ્રમુખ રેસીડન્સી પ્લોટ નં.૬૩ ખાતે રહેતા લલિતસિંગ મોહનસિંગ સકતાવત (ઉં.વ.૪૮) અમદાવાદ ખાતે લીંકન પોલીમર્સ નામની કંપનીમાં એચઆર તરીકે ફરજ બજાવે છે. જયારે ફરીયાદીએ વિદેશમાં નોકરી મેળવવા માટે અલગ અલગ જોબ પોર્ટલ પર ઓનલાન રીસ્યુમ મુકેલા હતા. ગત તા.૧૯.૩.-૧૯ના રોજ લલીત સકતાવત મેઈલ આઈડી પર ચેવરોન કોર્પોરેશનના નામથી પોલ સ્મિથ નામના વ્યકિતનો મેઈલ આવ્યો હતો. મેઈલમાં જણાવ્યું હતું કે ચેરવોન કંપની માટે ફરીયાદીનો બાયોડેટા માંગ્યો હતો અને તેઓએ મેઈલથી મોકલ્યો હતો.ત્યારબાદ ત્રણ દિવસ પછી ફરીયાદી પર મેઈલ આવ્યો હતો અને તેમા જણાવ્યું હતું કે કંપનીમાં એચઆરની પોસ્ટ માટે તમે સિલેકટ થઈ ગયા છો.જેના કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ પણ સાથે સામેલ છે. જેને પગલે એગ્રીમેન્ટની પ્રિન્ટ કાઢીને તેની પર સહી કરીને ગત તા.૨૩-૩-૧૯ના રોજ કોપી સ્કેન કરી તેઓને મેઈલ કર્યો હતો. બે દિવસબાદ મેઈલ આવ્યો કે તમારી નોકરી ફીકસ થઈ ગઈ છે. ત્યારબાદ સ્ટીફ કોયેન જે દિલ્લી ખાતે યુએસ એમ્બસીમાં ઈમીગ્રેશન કાઉન્સેલર તરીકે નોકરી કરે છે તેની ફરીયાદીને વાત કરાવી હતી અને પગાર રૂ.૧૦,૫૦૦ યુએસ ડોલર પગાર જણાવ્યો હતો. ત્યારબાદ બીજા ડોક્યુમેન્ટ પણ જેવા કે આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ, પાસપાર્ટ, ફોટો સહિત સ્કેન કરી મોકલી આપ્યા હતા.ત્યારબાદ તા.૨૭ના રોજ સ્ટીફ કોયેન ફરીયાદી પરમેઈળ આવ્યો હતો તે મેઈલનમાં મેને વિઝા ફોર્મ ભરવા તેમજ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા ન્યું દિલ્હી બ્રાંચમાં સોનીયા ડુમોઈના નામના એકાઉન્ટમાં રૂ.૫૨,૯૦૦ ફી પેટે તેમજ વર્ક પરમીટ માટે જમા કરાવ્યા હતા. ત્યારબાદ પૈસાની રીસીપ્ટ પણ આવી ગઈ હતી. ત્યારબાદ બે દિવસ પછી ફોન કરવાનું જણાવ્યું હતું પરતુ કોઈ ફોન ઉપાડતુ ન હતું. ફરીયાદીએ ચેવરોન કંપનીનો સંપર્ક કરતા જાણવા મળયુ હતુ કે આ નામના કોઈ કંપનીમાં ફરજ બજાવતા નથી અને કંપનીએ નોકરી અંગે કોઈ જાહેરાત આપી નથી. જેને પગલે નાગરીકે બે શખ્સો સામે રૂ.૫૨,૯૦૦ની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાઈ છે.



### ગ માર્ગ પર અકસ્માતનો સિલસિલો યથાવત

શહેરના માર્ગો પર ટ્રાફિકનું ભારણ ખુબ મોટા પ્રમાણમા વધી જવા પામ્યું છે.ત્યારે ગ માર્ગ પર સેકટર-૫ અને સેકટર-૬ ના કટ પાસે વળાંક નજીક અકસ્માત સર્જાયો હતો.ગ-૨ તરફથી આવી રહેલા બાઈક ચાલકને કાર ચાલકે ટક્કર મારી હતી. જેમાં બાઈક ચલાકન નીચે પટકાતા ઈજા પહોંચી હતી, તો બીજીતરફઆ માર્ગ અકસ્માત ઝોન બની ગયો છે. જયારે સેકટર-૬ માં જવાના માર્ગ પર રોજ બરોજ અકસ્માત સર્જાય છે. ત્યારે તંત્રને સ્થાનિક નાગરીકો દ્વારા બમ્પ મુકવાનું જણાવ્યું હતું.

# ધીમે ધીમે ઉનાળાના પગરવ...

વસંતપંચમી બાદ વાતાવરણમાં ધીમે ધીમે ફેરફાર આવી રહ્યો છે. હજુ રાત્રી દરમિયાન ઠંડી પડે છે. પરંતુ દિવસ હુંફાળો બની રહ્યો છે. ધીમે ધીમે પ્રકૃતિ ઉનાળા તરફ ડગ માંડી રહી છે. બે અઢી મહિના લાંબા ચાલેલા ઉનાળા બાદ ધીમે ધીમ વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. વસંતપંચમી પછી આ ફેરફાર હવે અનુભવાઈ રહી છે. સમગ્ર પ્રકૃતિ જાણે આળસ મરડીને બેઠી થઈ હોય તેવું લાગી રહ્યું છે. રાત્રી દરમિયાન હજુ ઠંડીની અસર વર્તાય છે. કયારેક કયારેક ઠંડા પવનો વધતા ઠંડીનો પારો ઘટી જાય છે અને લઘુત્તમ તાપમાન ૧૦-૧૧ ડિગ્રી જેટલું જતું રહે છે પરંતુ દિવસે ઠંડી ઘટી રહી છે. તેવો અહેસાસ સૌ કોઈને થઈ રહ્યો છે. તડકો આકરો બની રહ્યો છે. વધુ સમય તડકામાં બેસો તો રીતસર તપી જવાય છે. દિવસ હવે હુંફાળો બની રહ્યો છે. કયારેક તો ગરમી જેવો અનુભવ થાય છે. ગરમ વસ્ત્રો હવે દિવસ દરમિયાન પહેરવા પડતા નથી. બપોરના સમયે તો કયારેક એવું લાગે છે કે થોડીકવાર માટે પંખો ચાલુ કરીએ. ઉત્તર ભારતમાં હજુ કયાંક કયાંક બરફવર્ષા થઈ રહી છે.

## ખૂણેખાંચરેથી

- દહેગામ તાલુકાના કનીપુર ખાતે આજે ૩૬ ગામ લેઉઆ પાટીદાર સમાજના સમુહલગ્ન યોજાયા હતા. આ સમારોહમાં બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, સહકારી ક્ષેત્રના અગ્રણી સુમેરૂભાઈ અમીન તેમજ કિસાન મોરચાના અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.
- ભારતની સુપ્રિમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ આજે ગાંધીનગરના અતિથિ થવાના છે. તેઓ નેશનલ લૉ. યુનિ.ના વિદ્યાર્થીઓને સંબોધન કરવાના છે.
- ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- સે. ૨૨ના સોસાયટી વિસ્તારના બગીચા નજીકના દબાણો માટે મેયર રીટાબેન પટેલ હરકતમાં આવ્યા છે. દબાણો દૂર કર્યા બાદ આ ખુલ્લી જગ્યામાં મોબાઈલ ટોયલેટ ન મુકવાની કડક સૂચના આપતાં રહીશોમાં આનંદની લાગણી પ્રસરી છે.
- ગાંધીનગર તાલુકાના પોર ગામથી આજે એક ઠાકોર યુવાન લગ્ન માટે હેલિકોપ્ટરમાં બેસી બોપલ ગયો હતો.

# વિદેશી પ્રવાસીને આકર્ષવા કેરાલાની જેમ ગુજરાતમાં પણ ‘ટ્રાવેલ માર્ટ’નો આઈડિયા

ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે પરંતુ તેમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા ખૂબ ઓછી હોવાથી ગુજરાત સરકારનો પ્રવાસન વિભાગ ટ્રાવેલ માર્ટ ઉભું કરવાની યોજના બનાવી રહ્યો છે. મહત્વની બાબત એવી છે કે રાજ્યમાં છેલ્લા રિપોર્ટ પ્રમાણે ૫.૭૫ કરોડ પ્રવાસીઓ નોંધાયા છે જે પૈકી માત્ર બે થી ત્રણ ટકા વિદેશી પ્રવાસીઓ ગુજરાતમાં આવ્યા છે. વિદેશી પ્રવાસીઓની સાથે સાથે અન્ય રાજ્યના પ્રવાસીઓને આકર્ષવા માટે આ માર્ટ કેરાલાની તર્જ પર બનાવવાની યોજના છે. ૨૦૦૭માં કેરાલામાં ટ્રાવેલ માર્ટ બનાવ્યા પછી વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ૨૦.૩૭ ટકાનો વધારો થયો છે. આ પ્રોજેક્ટ પછી કેરાલાના પ્રવાસનની આવક ૧૧૪૩૩ કરોડ રૂપિયા થઈ ચૂકી છે. કેરાલાને બ્રાન્ડ બનાવવા માટે ટ્રાવેલ માર્ટ પ્રભાવી રહ્યું છે. સૂત્રોએ કહ્યું હતું કે કેરાલાની જેમ ગુજરાતમાં પણ ટ્રાવેલ માર્ટ બનાવવામાં આવી શકે છે. આ માર્ટ માટે સરકારે ગાંધીનગરને પસંદ કર્યું છે. આ માર્ટ ગુજરાત બ્રાન્ડ આધારિત હશે કે જેમાં મનોરંજન, ભોજન, પારંપારિક સંગીત, નૃત્ય, પ્રદર્શન કક્ષ, હસ્તકલા ઉદ્યોગ, શિલ્પ ઉદ્યોગ સહિત અનેક ગતિવિધિઓ હશે. આ પ્રોજેક્ટમાં ૨૫૧ કરોડ રૂપિયાનું રોકાણ અંદાજવામાં આવ્યું છે. જે પૈકી મિની ગુજરાત માટે ૭૩ કરોડ, લેઝર ઝોન માટે ૨૯ કરોડ, બિઝનેસ ઝોન માટે ૧૦૦ કરોડ, સુવિધાઓ માટે ૩૧.૪૩ કરોડ અને જમીન વિકાસ માટે ૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ જીઆઈડીબીના ડેસ્ક પર પ્રોજેક્ટ ઓપર્ચ્યુનિટી હેઠળ મૂકવામાં આવેલો છે. જો કે ટ્રાવેલ માર્ટ ક્યાં બનાવવું તે અંગે સરકારે હજી જગ્યા નિયત કરી નથી પરંતુ અધિકારીઓ કહે છે કે ગાંધીનગર પાસે અડાલજની વાવ પરફેક્ટ જગ્યા છે.

**લ્યો, સરકારમાં બજેટ કરતાં જાહેર દેવું વધી ગયું છે...**

ગુજરાત સરકારમાં હવે એવો સમય આવ્યો છે કે રાજ્યના બજેટ કદ કરતાં જાહેર દેવાંનો આંકડો વધી રહ્યો છે. રાજ્યનું ૨૦૧૯-૨૦ના વર્ષનું સામાન્ય બજેટ ૨.૦૪ લાખ કરોડનું હતું જ્યારે જાહેર દેવાનો આંકડો ૨,૪૦,૬૫૨ કરોડ થયો હતો. હવે જ્યારે ગુજરાત સરકાર ૨૦૨૦-૨૧નું સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહી છે ત્યારે જાહેર દેવાનો આંકડો ૨.૬૦ લાખ કરોડ અંદાજવામાં આવ્યો છે જેની સામે નવા વર્ષના બજેટનું કદ ૨.૨૨ લાખ કરોડ થવાની સંભાવના છે. એટલે કે રાજ્યના કુલ બજેટની સરખામણીએ દેવાની રકમમાં ૪૦,૦૦૦ કરોડનો ચોંકાવનારો વધારો હશે. ગુજરાત સરકારના જાહેર દેવાના વધતા જતાં આંકડા જોતાં આવનારા એક વર્ષમાં એટલે કે ૨૦૨૧ સુધીમાં જાહેર દેવાની રકમ ૩.૦૦ લાખ કરોડને પાર હોવાની શક્યતા વધી ચૂકી છે. રાજ્ય સરકારને દેવાની ચૂકવણીમાં વિક્રમી વ્યાજ પણ ભરવું પડે છે, કારણ કે મોટાભાગનું દેવું બજાર લોન પર અવલંબે છે. સરકારનું જાહેર દેવું માર્ચ ૨૦૧૪ના અંતે માત્ર

**ગુજરાતમાં બાપ કરતાં બેટો સવાયો— બજેટની સરખામણીએ જાહેર દેવાનો આંકડો મોટો**

૧,૪૯,૫૦૬ કરોડ રૂપિયા હતું તે માર્ચ ૨૦૧૫ના અંતે વધીને ૧,૬૩,૪૫૧ કરોડ રૂપિયા થયું હતું. ૨૦૧૬માં જાહેર દેવાની રકમ ૧૮૦૭૪૩ કરોડ હતી જે રાજ્યના બજેટ કરતાં વધુ હતી. એવી જ રીતે ૩૧મી માર્ચ ૨૦૧૭માં જાહેર દેવાની રકમ વધીને ૧,૯૯,૩૩૮ કરોડ અને ૩૧મી માર્ચ ૨૦૧૮ના અંતે વધીને ૨,૧૨,૫૯૧ કરોડ થઈ હતી. એટલે કે છેલ્લા ચાર વર્ષથી જાહેર દેવાનો આંકડો બજેટના આંકડા કરતાં મોટો થતો ગયો છે.

**ગાંધીનગરની હોટલ સફેદ હાથી પુરવાર થશે...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસે બની રહેલી ફાઈવસ્ટાર હોટલ સરકારનો સફેદ હાથી પુરવાર થાય તેવી સંભાવના વધી ગઈ છે. રાજ્યના એક પૂર્વ અધિકારીએ કહ્યું હતું કે શહેરમાં સેક્ટર-૧૧માં જે ફાઈવસ્ટાર હોટલ આવેલી છે તેની દૈનિક ઓક્યુપન્સી માત્ર ૨૫ ટકા છે ત્યારે સરકારની આ હોટલના સંચાલન માટે મુશ્કેલી વધી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના રેલવે સ્ટેશનના આધુનિકરણ અને હોટલના નિર્માણ માટેની ઈચ્છા વ્યક્ત કરી તે દિશામાં કામગીરી તો શરૂ કરી છે પરંતુ ધીમે ધીમે નિયત ખર્ચમાં વધારો થતો જાય છે. આ બન્ને પ્રોજેક્ટ માટે પહેલાં ૨૪૩.૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો પરંતુ તેમાં ૨૦૦ ટકાનો વધારો થયો છે અને હવે આ બન્ને પ્રોજેક્ટ સરકારને ૭૨૧ કરોડ રૂપિયામાં પડી રહ્યાં છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત એવા આ બન્ને પ્રોજેક્ટનું કામ એકસાથે ચાલી રહ્યું છે અને ૭૦ ટકા પૂર્ણ થવાના આરે છે. રેલવે સ્ટેશન પર બની રહેલી હોટલને સરકારે ફાઈવસ્ટાર બનાવવાનું નક્કી કરી ૩૦૦ રૂમની સુવિધા કહી હોવાથી આ હોટલનો ખર્ચ વધી રહ્યો હોવાનો દાવો કરવામાં આવે છે.




નવી સુવિધામાં અંડરબ્રીજ, માર્ગો અને અન્ય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત મનોરંજન પાર્ક, શોપીંગ મોલ તેમજ મલ્ટીપ્લેક્સ પણ ઉભા કરવામાં આવી રહ્યાં છે. મહાત્મા મંદિરમાં જ્યારે વાયબ્રન્ટ સમિટ અને અન્ય ખાનગી કાર્યક્રમો થશે ત્યારે આ હોટલ ભરચક રહેશે પરંતુ એ દિવસોને બાદ કરતાં ફાઈવસ્ટાર હોટલ માટે કસ્ટમર્સ મળવા મુશ્કેલ છે, કારણ કે અહીં દારૂ મળશે નહીં અને નોનવેઝ પણ પિરસાવાનું નથી.




**મધ્ય ગુજરાતમાં બાયો ફ્યુઅલની રિફાઇનરી સ્થપાશે...**

ગુજરાતમાં બાયો ફ્યુઅલ પેદા કરવા માટે રિફાઈનરી સ્થાપવાનો નિર્ણય મધ્ય ગુજરાતના ખેડૂત આગેવાનોએ કર્યો છે. પેટલાદ સોજીત્રા સૌર ઉર્જા સહકારી મંડળી અને એફ્રો એશિયન એનર્જી ડેવલપમેન્ટ વચ્ચે આ રિફાઈનરી માટેના એમઓયુ સાઈન કરવામાં આવ્યા છે. મૂળ સોજીત્રાના વતની અને અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત વૈજ્ઞાનિક ડો. ભાસ્કર પટેલ અને પેટલાદ એપીએમસીના ચેરમેન તેજસ પટેલ વચ્ચે આ સમજૂતી કરાર થયા છે. ભાસ્કર પટેલે કહ્યું હતું કે કૃષિ કચરામાં વૈજ્ઞાનિક પેટર્ન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બાયો ફ્યુઅલ બનાવવામાં

**શહેરોમાં ગમે ત્યારે વર્ષો જૂનાં વાહનો અદ્રશ્ય બની જશે, સરકાર ભંગારમાં ભાવમાં ખરીદશે**

આવશે. પેટલાદની એપીએમસી આ રિફાઈનરી માટે ૮૦ જેટલા ગામોમાં સહકારી માળખું ઉભું કરી કૃષિ કચરો એકત્ર કરશે. સામાન્ય રીતે ખેડૂતો દ્વારા આ કૃષિ કચરો બાળી દેવામાં આવતો હોવાથી ખેડૂતોને કોઈ ઉપજ થતી નથી અને પર્યાવરણને નુકશાન થાય છે. એપીએમસી દ્વારા અમૂલ મોડલના આધાર પર સહકારી સંસ્થાના માધ્યમથી સહકારી ધોરણે ખેડૂતો પાસેથી આ એગ્રો વેસ્ટ મેળવવામાં આવશે. એમઓયુમાં જણાવ્યા પ્રમાણે કૃષિ કચરાના પ્રતિ ટન ૪૫૦૦ રૂપિયા ખેડૂતોને ચૂકવવામાં આવશે. એટલે કે ખેડૂતોને કૃષિ કચરાની પ્રતિ કિલોએ ૪.૫૦ રૂપિયા જેટલી આવક થશે. એગ્રી વેસ્ટની ખરીદીથી ખેડૂતોને વર્ષે ૨૫ કરોડ રૂપિયા ચૂકવાશે, એટલું જ નહીં બાયોમાસમાંથી ઉત્પન્ન થયેલા ફ્યુઅલના વેચાણથી થનારી આવકમાંથી પણ ખેડૂતોને બોનસ તરીતે તેમનો હિસ્સો ચૂકવાશે. આ પ્રોજેક્ટમાં પ્રતિ વર્ષ ૫૫,૦૦૦ મેટ્રીકટન કૃષિ કચરો એકત્ર કરવાનું આયોજન વિચારવામાં આવ્યું છે.

**રાજ્યમાં ૬૨ સેઝમાંથી ઘટીને ૪૭ થયાં જે પૈકી માત્ર ૨૦ કાર્યક્ષમ, ૧૦ બિન કાર્યક્ષમ છે**

**રાજ્યમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન કેમ ઘટી રહ્યાં છે...**

ગુજરાતમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન (સેઝ) ની સંખ્યા કેમ ઘટી ગઈ છે? એવા સવાલના જવાબમાં ઉદ્યોગ વિભાગ કહે છે કે રાજ્યમાં રોકાણ માટે આવતા ઉદ્યોગોને સેઝમાં રસ રહ્યો નથી. આ ઉદ્યોગ સંચાલકો અલગથી જમીન લઈને તેમની ઈન્ડસ્ટ્રીઝ સ્થાપવા માગે છે. રાજ્યના ઉદ્યોગ કમિશનરેટ વિભાગની વેબસાઈટ પર દર્શાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં જે સંચાલકોએ ઉત્પાદન શરૂ કર્યું છે તેવા સેઝ ઉત્પાદકોની સંખ્યા માત્ર ૨૦ થવા જાય છે. રાજ્યમાં છેલ્લે જ્યારે નરેન્દ્ર મોદી શાસન કરતા હતા ત્યારે સેઝની કુલ સંખ્યા ૬૨ દર્શાવવવામાં આવતી હતી પરંતુ અત્યારે રૂપાણીના શાસનમાં ૪૭ સેઝ દર્શાવવામાં આવી રહ્યાં છે. બન્ને આંકડા વચ્ચેના તફાવતના ૧૫ સેઝ ક્યાં ગયા તે ખુદ સરકારને ખબર નથી. રાજ્યમાં કડવી વાસ્તવિકતા એ છે કે સરકારે મંજૂર કરેલા ૧૦ સેઝ નોન ફંકશનલ બની ચૂક્યાં છે. સરકારે વધુ પાંચને માન્યતા આપી છે અને ૧૨ સેઝ મંજૂરીના તબક્કે પડતર છે. જેમાં કોઈ ઉત્પાદન થતું નથી તેવા સેઝ પૈકી ત્રણ અમદાવાદ, બે ભરૂચ, બે ગાંધીનગર, બે કચ્છ અને એક વડોદરામાં આવેલા છે. મહત્વની બાબત એવી છે કે જ્યાં ઉત્પાદન થતું નથી તેવા સેઝમાં અદાણી જૂથ,એચબીએસ ફાર્મા, બાયોટેક સાવલી, શિવગંગા રિયલ એસ્ટેટ અને દીશમાન ફાર્મા જેવી કંપનીનો સમાવેશ થાય છે.

**ગુજરાતમાં ૧૫ વર્ષ જૂનાં વાહનો અદ્રશ્ય થઇ જશે...**

ગુજરાતના શહેરી વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે રાજ્ય સરકારે અનેક ઉપાયો શોધ્યાં છે કે જેમાં વાહનોની સંખ્યાને મર્યાદિત કરવી, હયાત માર્ગોને પહોળા કરવા, ટ્રાફિક સિગ્નલો પર ઓવરબ્રીજ કે અંડરબ્રીજ બનાવવા, માર્ગો પર વાહન પાર્કિંગ બંધ કરવું, વાહન રજીસ્ટ્રેશનના નિયમોને વધુ કડક બનાવવા અને પાર્કિંગની જગ્યા વિના નવું વાહન નહીં ખરીદવાનું ફરજીયાત બનાવવું જેવાં અનેક ઉપાયોનો સમાવેશ થાય છે. એક એવો ઉપાય શોધવામાં આવ્યો છે કે જેના કારણે માર્ગો પર ફરતાં જૂનાં અને ખખડી ગયેલા વાહનો અદ્રશ્ય બની જશે. રાજ્યના વાહનવ્યવહાર વિભાગના એક ઉચ્ચ અધિકારીએ એવો નિર્દેશ આપ્યો હતો કે સરકાર ટૂંકસમયમાં જૂના વાહનોને સ્ક્રેપમાં લઈ જવા અંગેની પોલિસી બનાવી રહી છે જેમાં ૧૫ કે ૧૮ વર્ષ જૂનાં વાહનોને સ્ક્રેપમાં લઈ જવાશે. આ પ્રકારની પોલિસી દિલ્હી, આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને પશ્ચિમબંગાળમાં છે. આ અધિકારીએ કહ્યું હતું કે જો ગુજરાત આવી પોલિસી બનાવશે તો તે દેશમાં પાંચમું રાજ્ય હશે. પોલિસીમાં નક્કી થયા પ્રમાણે કોઈપણ વાહનચાલકનું વાહન જ્યારે સ્ક્રેપ કરવામાં આવે ત્યારે તેને ભંગારના ભાવમા દામ ચૂકવાશે. આ પોલિસીમાં માત્ર ખાનગી વાહનો જ નહીં પરંતુ સરકારી વાહનોનો પણ સમાવેશ કરવામાં આવનાર છે.